ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૪૨.૮ ડીગ્રી
લઘુતમ : ૨૭.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૧ ટકા ● સાંજે ૧૮ ટકા
ગાંધીનગર તાપમાન

# ચ-૦ સર્કલ નજીક જંગલ-ઝાડીમાં આગ ભભૂકી

## ભીષણ આગને કાબુમાં લેવા ફાયર ફાયટરે ૨૮૫ ફુટ પાણીની પાઈલ લંબાવી આગ પર કાબુ મેળવ્યો : આગમાં સંખ્યાબંધ સૂકા ઝાડ બળીને ખાખ

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર શહેરી વિસ્તારમાં ખુલ્લી જંગલ-ઝાડીઓમાં ઉનાળાની સીઝનમાં આપોઆપ આગ લાગવાના કિસ્સાઓ મોટા પ્રમાણમાં પ્રકાશમાં આવે છે. કેટલાક જંગલ-ઝાડી વિસ્તારોમાં સૂકો પાંદડાનો કચરો નાગરિકો દ્વારા બાળવામાં આવે છે જયારે કેટલાક કિસ્સામાં જાતે જ જંગલમાં આગ ફાટી નીકળે છે. જંગલ-ઝાડીમાં આગ લાગવાની વધુ એક ઘટના આજે બપોરે ચ-૦ સર્કલ નજીકના વિસ્તારમાં બની હતી. અંદાજે ૪૦૦ ફુટ ઘેરાવામાં એકાએક ભીષણ આગ ફાટી નીકળી હતી. ભયાનક આગ લાગતા ગાંધીનગરની ફાયર ફાયટરની ટીમે ઘટના સ્થળે દોડી જઈ આગને કાબુમાં લીધી હતી.

ઉનાળાની સીઝનમાં વૃક્ષો સૂકાઈ જતા વૃક્ષોના પાંદડાનો કચરો જંગલ વિસ્તારમાં ઠલવાય છે. આજે ગાંધીનગર શહેરના ચ-૦ સર્કલ પાસે ઈન્દ્રોડા પાર્કની બાજુમાં આવેલી ખુલ્લી જંગલ-ઝાડીઓમાં બપોરે એકાએક ભીષણ આગ ફાટી નીકળી હતી.ધીમે ધીમે આગ અંદાજે ૪૦૦ ફુટના ભૌગોલિક વિસ્તારમાં ફેલાઈ હતી જેમાં સૂકા પાંદડાની સાથે અસંખ્ય સૂકા વૃક્ષો બળીને ખાખ થઈ ગયા હતા.

આ ભીષણ આગની ઘટના બનતા સ્થાનિકોએ આ મામલે ગાંધીનગર ફાયર બ્રિગેડને ફોન કરીને જાણ કરતા ગાંધીનગર ફાયર બ્રિગેડની ટીમ ઘટના સ્થળે દોડી આવી હતી. વોટર-બ્રાઉઝર વડે ફાયર જવાનોએ ૨૮૫ ફૂટ લાંબી પાણીની પાઈપ બિછાવી આગ ઉપર પાણીનો મારો કર્યો હતો. અંદાજે કલાકની લાંબી જહેમત બાદ આગ પર કાબુ મેળવ્યો હતો. ફાયર જવાનોએ આ જંગલ-ઝાડી વિસ્તારમાં કાંટાની વચ્ચે ઘૂસી આગ ઓલવી હતી.



## વાતવાતમાં


● ગુજરાત સ્થાપના દિનની ઉજવણી સોશ્યલ મિડીયા પર પણ જોવા મળી પરંતુ તેમાં રમૂજી ટૂચકાંઓની ભરમાર વધુ રહી હતી. બીજી તરફ એક ખાનગી રેડિયો ચેનલે સમગ્ર દિવસ દરમિયાન માત્ર ગુજરાતી ગીતો જ વગાડી ગુજરાત દિવસ ઉજવ્યો હતો જેના કારણે ગુજરાતી ગીતોના શોખીનોને જલ્સો પડી ગયો હતો.

● શહેરમાં ઉનાળાની આકરી ગરમીમાં કોમર્શિયલ એકમોમાં મિનરલ વૉટરના સપ્લાયનો ધંધો અત્યારે બેવડાઈ ગયો છે. આ ઉપરાંત શહેરમાં ગોગલ્સ-ટોપીના વેચાણમાં પણ ઉછાળો જોવા મળી રહ્યો છે.

# આરટીઈ અંતર્ગત અભ્યાસ કરતા સ્મિત ચાવડાએ વર્ગમાં ત્રીજું સ્થાન મેળવ્યુ

ગાંધીનગર, તા.૧

ગાંધીનગરમાં રાઈટ-ટુ-એજયુકેશન અંતર્ગત ખાનગી શાળામાં પ્રવેશ મેળવેલા બાળકો હવે તેમની પ્રતિભાના દર્શન કરાવી રહ્યા છે. સેકટર-૨ ૩માં જે.બી. પ્રાથમિક શાળામાં આરટીઈ અંતર્ગત અભ્યાસ કરતા સ્મિત મુકેશભાઈ ચાવડાએ ધોરણ-૨માં ૯૯ ટકા ગુણ સાથે વર્ગમાં તૃતીય સ્થાન પ્રાપ્ત કર્યું છે.



રાઈટ ટુ એજયુકેશન એકટ હેઠળ ભારત સરકાર દ્વારા દેશની ખાનગી શાળાઓમાં ૨૫ ટકા બેઠકો એસસીએસટી વર્ગના ગરીબ બાળકો માટે અનામત રાખવામાં આવે છે. આ બેઠકો પર પ્રવેશ મેળવતા એસસીએસટી વર્ગના બાળકો પાસેથી શાળાએ કોઈ પણ પ્રકારની ફી લેવાની હોતી નથી બલકે તેમનો તમામ ખર્ચ ભારત સરકાર દ્વારા ભોગવવામાં આવે છે. એક તરફ એવી માન્યતા પ્રવર્તી રહી છે કે આરટીઈ એકટ હઠળ પ્રવેશ મેળવતા બાળકો અભ્યાસમાં નબળા હોય છે પરંતુ સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત જે.બી. પ્રાથમિક શાળાના સ્મિત ચાવડાએ આ માન્યતા ખોટી ઠેરવી છે. સ્મિતે ધો-૨માં ૯૯ ટકા ગુણ સાથે વર્ગમાં તૃતીય સ્થાન પ્રાપ્ત કર્યું છે. સ્મિતના પિતા મુકેશભાઈ ચાવડા સિવિલ હોસ્પિટલમાં એનસીડી વિભાગમાં કોમ્પ્યુટર ઓપરેટરની ફરજ બજાવે છે જયારે તેની માતા દેવિકાબેન ગૃહિણી છે અને આ પરિવાર સેકટર-૧૪માં વસવાટ કરે છે.

# ચોરીનો માલ રાખતી વોન્ટેડ મહિલા એલસીબીના સકંજામાં

## કારના કાચ તોડી માલ સામાનની થયેલી ચોરીનો માલ મહિલાએ રાખ્યો હતો : નામ ખુલ્યુ ત્યારથી મહિલા નાસતી ફરતી હતી

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર એલસીબીની ટીમે ચોરીનો મુદ્દામાલ રાખવાના ગુનામાં વર્ષ ૨૦૧૭થી વોન્ટેડ મહિલાને બાતમીને આધારે પકડી પાડી છે. ગત વર્ષે અગોરા મોલ પાસે કારના કાચ તોડી અંદરથી કિંમતી મુદ્દામાલની ચોરી થઈ હતી. આ ગુનો આચરનાર ગેંગ પકડાઈ ગઈ હતી. પરંતુ તેમણે ચોરીનો માલ જેને આપ્યો હતો તેમાં આ મહિલાનું નામ ખુલ્યું હતું ત્યારથી મહિલા નાસતી ફરતી હતી. બાતમી મેળવીને મહિલાને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

મળતી માહિતી મુજબ એલસીબી પીઆઈ જે.ડી. પુરોહીતની એક ટીમ કે જે નાસતા ફરતા આરોપીઓને શોધી કાઢવા કામે લાગેલી છે તે ટીમના હેડ કોન્સ્ટેબલ હરીભાઈ અને સુરેશભાઈને બાતમી મળી હતી કે ચોરીનો માલ રાખવામાં નાસતી ફરતી મહિલા આશા રાજુભાઈ ઠકકર કયાં ફરી રહી છે...! આ બાતમી આધારે આશા ઠકકરને એલસીબીની ટીમે પકડી પાડી હતી. વર્ષ ૨૦૧૭માં અગોરા મોલ ખાત ગાડી પાર્કીંગમાં પડી હતી તેના કાચ તોડી લેપટોપ, મોબાઈલ અને અન્ય કિંમતી સામાનની ચોરી થઈ હતી. આ ગુનો પોલીસે ડીટેકટ કરી લીધો હતો. પરંતુ આ સામાન ચોરે આશાબેનને વેચી નાંખ્યો હતો. આશાબેનનું નામ ખુલ્યુ ત્યારથી આજદીન સુધી તેઓ નાસતા ફરતા હતા. નાસતા ફરતા આશા ઠકકરને એલસીબીએ પકડી પાડી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે. આ આશાબેન ચોરીનો મુદ્દામાલ લેવાની ટેવવાળા હોવાનું અને અગાઉ પણ ચોરીનો માલ ખરીદવાના ગુનામાં પકડાયેલા હોવાનું પોલીસ તપાસમાં બહાર આવ્યું છે.

# સીટી પલ્સ નજીક ખોદકામ દરમિયાન ભેખડ પડતા દટાયા : બંનેનો આબાદ બચાવ


ગાંધીનગર, તા.૧

ગાંધીનગર નજીક આવેલ સીટી પલ્સ સિનેમા પાસે નિર્માણાધિન રહેણાંક મકાનની સ્કીમમાં ભેખડ પડતા બે કામદારો દટાઈ ગયા હતા. ફાયર બ્રિગેડે બનાવ સ્થળે પહોંચી દટાયેલા બંને કામદારોને બહાર કાઢયા હતા. જો કે આ ઘટનામાં કોઈ જાનહાની થવા પામી નથી.

ગાંધીનગર પાસે સીટી પલ્સ સિનેમા આવેલી છે. જયાં નજીકમાં રહેણાંક મકાન માટેની એક સ્કીમ તૈયાર થઈ રહી છે. આ સ્કીમમાં હાલ ભોંયતળીયે ખોદકામ થઈ રહ્યું છે. દરમિયાન આજે કેટલાક મજુરો ખોદકામ કરી રહ્યા હતા ત્યાં અચાનક જ બાજુમાંથી માટીની ભેખડ પડતા બે કામદારો દટાઈ ગયા હતા આ ઘટના બનતા ફાયર ફાયટરને જાણ થતા બનાવ સ્થળે દોડી જઈ બંને ઘાયલોને બહાર કાઢયા હતા જો કે આ ઘટનામાં કોઈ જાન હાની થવા પામી નથી.

# વિસનગરથી યુવાને બાઈક ચોરીને ગાંધીનગરના મિત્રને વેચવા આપ્યુ

## એલસીબીની ટીમે ચોરીના બાઈક સાથે ઘ-૬ નજીકથી બંનેને દબોચી લીધા



ગાંધીનગર, તા.૧

શહેરના ઘ-૬ નજીકથી ગાંધીનગર એલસીબીની ટીમે ચોરીના બાઈક સાથે બે શખ્સોને દબોચી લીધા છે. વિસનગરથી યુવાને આ બાઈક ચોરી કર્યું હોવાની કબુલાત કરી છે. તેણે આ બાઈક ચોરીને તેના ગાંધીનગર ખાતે રહેતા મિત્રને વેચવા આપ્યું હોવાનું ખુલ્યું છે. એલસીબીની ટીમે બંનેની ધરપકડ કરી લઈ ઉંડી પુછતાછ આરંભી છે.

ગાંધીનગર એલસીબી પી.આઈ. જે.ડી. પુરોહીત અને તરલ ભટ્ટની ટીમ વાહનચોરો પકડવા સક્રીય છે ત્યારે હેડ કોન્સ્ટેબલ કિરીટકુમાર અને મહિપાલસિંહને ચોકકસ બાતમી મળી હતી કે સે-૨૪ થી ઘ-૬ તરફ જતા રોડ ઉપર નંબર પ્લેટ વગરના પેશન પ્રો લઈને જઈ રહેલા બે શખ્સો ચોરીના બાઈક સાથે ફરે છે. આ બાતમી આધારે વૉચ ગોઠવીને પેશન પ્રો સાથે બે શખ્સોને ઝડપી પાડયા હતા. મુળ વિજાપુરના જંત્રાલ ગામના અને હાલ ગાંધીનગર સે-૨૬માં ગોગા હોસ્ટેલમાં રહેતા હકીબ યુસુફ મન્સુરી અને જંત્રાલ ગામના નવલ વિજય પટેલને પકડી પુછપરછ શરુ કરતા આ બાઈક નવલે ગત વર્ષમાં વિસનગર તિરૂપતિ નેશનલ પાર્ક પાસેથી ચોરી કર્યું હોવાનું અને આ ચોરીનું બાઈક ગાંધીનગર ગોગા હોસ્ટેલમાં રહેતા હકીબ મન્સુરીને વેચવા આપ્યું હોવાનું ખુલ્યું હતું. એલસીબીની ટીમે બંનેની ધરપકડ કરી સઘન તપાસ શરુ કરી છે.

# ગુજરાત રાજય કર્મચારી મહામંડળ દ્વારા ૩૫ બોટલ રકત એકત્ર થયુ



ગાંધીનગર, તા. ૧

ગુજરાત રાજય કર્મચારી મહામંડળ અને ઈન્ડીયન રેડક્રોસ સોસાયટીના સહયોગથી રકતદાન અને શિબિર યોજાઈ હતી. જેમાં ૩૫ બોટલ રકત એકત્ર થયુ હતું. જયારે આંખ નિદાન કેમ્પમાં ૧૦૦ થી વધુ કર્મચારી ભાઈ બહેનોએ લાભ લીધો હતો.

આ શિબિર જુના સચિવાલય કર્મચારી મહામંડળ બ્લોક નં-૬ ભોંયતળીએ ખાતે કરવામાં આવેલ હતી. સવારે ૧૦ થી ૧૨ કલાક દરમિયાન આયોજીત શિબિરમાં અધિકારી-કર્મચારીઓએ રકતદાન કરતા ૩૫ બોટક રકત એકઠુ કરાયું હતું. રાજયના સ્થાપના દિને કર્મચારી મંડળ દ્વારા ખાસ જરૂરીયાત મંદ નાગરીકોને સરળતાથી રકત મળી રહે તે માટે આ શિબિરનું આયોજન કરાયું હતું. જયારે આંખ નિદાન કેમ્પમાં પણ મોટી સંખ્યામાં કર્મચારી ભાઈ બહેનોએ આંખની ચકાસણી કરાવી હતી.

# ભાટમાં દેશી દારૂના ભઠ્ઠા ઉપર અડાલજ પોલીસનો દરોડો

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર-અમદાવાદ વચ્ચે ભાટ ગામની સીમમાંથી પસાર થતી સાબરમતી નદીના પટ પાસે દેશી દારૂની ભઠ્ઠી ધમધમી રહી હોવાની બાતમી આધારે અડાલજ પોલીસે દરોડો પાડયો હતો. દેશી દારૂના ભઠ્ઠા ઉપરથી પોલીસને આઠ પીપડા ભરીને ૧૬૦૦ લીટર દેશી દારૂ ગાળવા વપરાતો વૉશ મળી આવ્યો હતો તો બીજી તરફ પોલીસને જોઈને બુટલેગર દુર્યોધન નેમચંદ નટ (રહે. નાના ચિલોડા) ભાગી જવામાં સફળ રહ્યો હતો. અડાલજ પોલીસે ફરાર બુટલેગર સામે ગુનો દાખલ કરીને તેની ધરપકડ માટે તજવીજ શરુ કરી છે.

# ગાંધીનગર ડીસ્ટ્રીકટ સ્વિમિંગ સિલેકશન ટ્રાયલ યોજાશે

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર સેકટર-૧૯ જીમખાનામાં આગામી જૂન માસમાં ૩૫મી સબ જુનિયર અને ૪૫મી જુનિયર ગુજરાત સ્ટેટ એકવેટિક ચેમ્પિયનશીપ યોજાશે.

ગુજરાત સ્ટેટ એકવેટિક ચેમ્પિયનશીપને અનુલક્ષી ગાંધીનગર ડીસ્ટ્રીકટ માટે સિલેકશન ટ્રાયલ આગામી ૧૩મી મે ૨૦૧૭ને રવિવારના રોજ સવારે ૯ કલાકે જીમખાના સ્વીમીંગ પુલ ખાતે યોજાશે. આ સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છતા સ્પર્ધકોએ ૧૦મી મે ૨૦૧૮ સુધીમાં વિગતો ફોર્મ ભરી દિક્ષિત સકસેના મો. ૯૪૨૭૦ ૮૯૩૪૬ અથવા ભગવાન મિલન યાદવ મો. ૯૭૨૭૫ ૬૯૦૦૮નો સંપર્ક કરી જમા કરાવાના રહેશે ત્યારબાદના ફોર્મ સ્વીકારવામાં આવશે નહીં. ઉપરાંત સ્પર્ધા અંગેની વધુ માહિતી માટે સેક્રેટરી ગુરુબક્ષસીંગ આનંદ મો. ૯૭૨૪૧ ૭૮૩૫૬નો સંપર્ક કરવાનો રહેશે.

# સેકટર-૨માં ગુજરાત સ્થાપના દિવસ ઉજવાયો

ગાંધીનગર, તા.૧

આજે ગુજરાત દિવસ હતો અને ગાંધીનગરમાં આ ગૌરવશાળી દિવસની ઉજવણી દરેકે પોત પોતાની રીતે કરી હતી. ગાંધીનગરના સે-૨ ખાતે વસાહતીઓ દ્વારા ગુજરાત સ્થાપના દિવસની ઉજવણી કેક કાપીને કરવામાં આવી હતી.

ગાંધીનગર મહાનગરપાલિકાના વોર્ડ નં. ૮માં સમાવિષ્ટ સેકટર-૨માં બગીચા ખાતે આયોજિત ગુજરાત સ્થાપના દિવસની ઉજવણીમાં સેકટરના ૮૫ વર્ષીય વરિષ્ઠ નાગરિકના હસ્તે કેક કાપવામાં આવી હતી. આ પ્રસંગે સેકટરના વસાહતીઓ અને વડીલો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા તથા સ્થાનિક કોર્પોરેટર



પાયલબેન મેણાતે પણ હાજરી આપી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે કોર્પોરેટર પાયલબેન મેણાત દ્વારા વોર્ડમાં પર્યાવરણના જતન માટે વૃક્ષારોપણ, દિકરી બચાવો અંતર્ગત તુલસીના છોડનું વિતરણ, વસાહતીઓના આરોગ્યની જાળવણી હેતુસર લીમડાના મોરના રસનું વિતરણ, પક્ષી પરબો-ચકલી ઘરનું વિતરણ, વસાહતીઓને અકસ્માતથી બચાવવા બમ્પ પર કાર્યકરો સાથે સફેદ કલરના પટ્ટા દોરવા જેવા કાર્યક્રમો સહિત મહિલા દિન જેવા વિશેષ દિનની ઉજવણીના કાર્યક્રમો પણ યોજવામાં આવે છે. આજે ગુજરાત સ્થાપના દિવસની ઉજવણીનું આયોજન પણ તેમના સહયોગથી કરવામાં આવ્યું હતું. આજના નવતર કાર્યક્રમ થકી સેકટરના વડીલો સાથે મુલાકાત કરી હતી. આ કાર્યક્રમમાં સેકટર-૨ અર્બન હેલ્થ સેન્ટરના કર્મચારીઓ સહિત સેકટરના અગ્રણી વસાહતીઓ વસંતભાઈ પરમાર, પ્રમોદભાઈ દવે, મેહુલભાઈ, ભાવિનભાઈ, રાજુભાઈ વગેરેએ ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.

# એસ.જી. હાઈવે પરની ૧૭ હોટલો પર તંત્રની લાલ આંખ

## લાયસન્સ વગર, ફાયર સેફટી, એનઓસી અને સેફટી સર્ટીફીકેટ વગર ધમધમતી ૧૭ હોટલોના લાયસન્સ રદ કરવા કવાયત

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર-સરખેજ હાઈવે પર વૈષ્ણોદેવી સર્કલ સુધીની હોટલો ઉપર ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું. ગાંધીનગર ફાયર ઓફીસરના ધ્યાને ૧૭ એવી હોટલો આવી છે જે હોટલોમાં કેટલીક લાયસન્સ વગર, કેટલીક ફાયર સેફટીના એનઓસી કે સર્ટીફીકેટ વગર ધમધમી રહી છે. ૧૭ હોટલોની નામજોગ યાદી તૈયાર કરીને ફાયર ઓફીસર દ્વારા પ્રાંત અધિકારી અને અડાલજ પોલીસ ઈન્સ્પેકટરને આ હોટલોના લાયસન્સ રદ કરવા હોટલો બંધ કરાવવા પત્ર લખ્યો છે.

ગાંધીનગર ફાયર ઓફીસર મહેશ મોડ દ્વારા સરખેજથી વૈષ્ણોદેવી સુધીના રૂટ પર સંખ્યાબંધ હોટલો ધમધમી રહી છે તેમાં ફાયર સેફટીનું ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું. આ રૂટની ૧૭ એવી હોટલો બહાર આવી છે જે લાયસન્સ વગર ચાલતી હોય કે લાયસન્સ રીન્યુ ન કરાવ્યું હોય કે ફાયર સેફટીનું પ્રમાણત્ર કે એનઓસી ન મેળવેલું હોય...! બેદરકાર આવા ૧૭ હોટલોના માલીકોના લાયસન્સ તાકીદે રદ કરવા ફાયર ઓફીસર દ્વારા પ્રાંત અધિકારી અને અડાલજ પોલીસ ઈન્સ્પેકટરને લેખિતમાં ભલામણ કરવામાં આવી છે. તારાપુર પાસે કીચન કાઠીયાવાડી, ખોરજ પાસે ગામડુ રેસ્ટોરન્ટ, વૈષ્ણોદેવી સર્કલ પાસે ૩૬૫ ધ ફેસ્ટીવલ હોલ, મારૂતીનંદન રેસ્ટોરન્ટ, દીલ એ પંજાબ હોટલ, બંધન હોટલ, ગોરબંધ હોટલ, ન્યુ સાંજા ચુલા હોટલ, વુડલેન્ડ રેસ્ટોરન્ટ, અતિથી ઢાબા, શિવશકિત ઢાબા, હોટલ મહારાજા ગેસ્ટહાઉસ, હોટલ મહારાજા, અડાલજ ચોકડી પાસે હોટલ વેલી, મહાવીર ગેસ્ટાઉસ, હોટલ મારૂતિનંદન અને સે-૨૧ પાસેની હોટલ કલાસીકનું લાયસન્સ રદ કરવા ભલામણ કરવામાં આવી છે.

# સે-૨ પેન્શનર્સ સમાજ દ્વારા પાણીનો બગાડ અટકાવવા મહત્વના નિર્ણય લેવાયા

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર શહેરના સેકટર-૨ માં નિવાસ કરતા પેન્શનર્સ સમાજની એપ્રિલ માસની બેઠક તાજેતરમાં મળી હતી. જેમાં શહેરનો મહત્વનો પ્રશ્ન પાણીના બગાડને અટકાવવા માટે કેટલાક મહત્વના નિર્ણયો લેવામાં આવ્યા છે.

જેમાં ગાંધીનગરની સ્થાપનાથી અત્યાર સુધી પાણી સપ્લાય કરતી પાઈપો જુની હોવાથી લીકેજ થાય છે તેથી જુની પાઈપો બદલવી જોઈએ, બગીચામાં શુધ્ધ પાણી વપરાય છે તેના સ્થાને ગંદા પાણીને શુદ્ધ કરી તેનો ઉપયોગ કરવો, ઘરઘાટી તેમજ કામવાળા પાણીનો બગાડ વધુ કરે છે તેને અટકાવવો, પાણીનો બગાડ અટકાવવા સત્તાધિશોએ મીટર મુકવા અંગે તંત્રએ વિચારવુ જોઈએ, પાણીનો કરકસર યુકત ઉપયોગ કરવો, જળ એ જ જીવન છે અને જીવન બચાવવા જળસંચય અભિયાનમાં નગરજનોએ સહભાગી થવુ જોઈએ, આ બેઠકમાં અમીધર જરદોશ, મંગળભાઈ ચૌહાણ, નિરંજન ઓઝા, ડો. મહેતા વગેરે હાજર રહ્યા હતા.

# શિહોલી-દસેલા ગામ વચ્ચે ખેતરમાં વીજ તાર તૂટતા આગ લાગી

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર નજીકના શિહોલી-દસેલા ગામ વચ્ચે ખેતરમાંથી પસાર થતો વીજ તાર તૂટી પડતા અચાનક જ આગ ભભૂકી ઉઠી હતી. આ આગની ઘટના અંગે ફાયર ફાયટરને જાણ થતા ફાયર ફાયટરની ટીમે આગ પર પાણીનો જોરદાર મારો ચલાવી આગ બુઝાવી દીધી હતી.

આ ઘટનાની વિગત એવી છે કે ચિલોડા-હિંમતનગર માર્ગ પાસે શિહોલી અને દસેલા ગામ આવેલા છે. આ બંને ગામ વચ્ચેના ખેતરમાં સંખ્યાબંધ વીજળીના મોટા મોટા થાંભલા ઉભા કરવામાં આવેલ છે જે થાંભલા પરથી વીજળી માટેની હાઈપર ટેન્શન લાઈન પસાર થાય છે ત્યારે આજે ગરમી અને વીજ ભારણને લીધે વીજળીનો તાર વચ્ચેથી અચાનક જ તૂટી પડતા બંને છેડા જમીન પર અડી ગયા હતા જેથી આસપાસના ખેતરમાં આગ ભભુકી ઉઠી હતી. આ ઘટના સંદર્ભે ગાંધીનગર ફાયર બ્રિગેડને જાણ થતા ફાયરની ટીમ ઘટના સ્થળે દોડી આવી વોટર બ્રાઉઝરની મદદથી ખેતરમાં લાગેલી આગ પર પાણીનો મારો કરી આગને કાબુમાં લીધી હતી. વીજ તાર તૂટવાની ઘટનાને લઈ જીઈબીની ટીમ પણ ઘટના સ્થળે દોડી આવી વીજ પુરવઠો બંધ કરી દીધો હતો. આ ઘટનામાં કોઈ જાનહાની થઈ નથી.

## ચિરવિદાય

- સ્વ. હિરાબેન વિઠ્ઠલદાસ પંચાલ, ઉ.વ. ૯૫
- સ્વ. રેશમબેન કાળાજી ઠાકોર, ઉ.વ. ૭૫